તા. ૦૯.૦૧.૨૦૨૪, પાના નં. ૦૪

ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ),

### રૂટના નિરીક્ષણ સહિતની કામગીરીને પગલે

# ગુરૂવારે ગાંધીનગર-મોટેરા વચ્ચે મેટ્રો રેલ બંધ રખાશે

ગાંધીનગર,મંગળવાર

ગાંધીનગર-અમદાવાદ(મોટેરા) વચ્ચે મેટ્રો રેલ સેવા શરૂ થઇ ગઇ છે. ગિફ્ટસિટી,રાંદેસણ, રાયસણ, ધોળાકુવા, ઈન્ફોસિટી અને સેક્ટર-૧ના સ્ટેશનેથી રોજના સેંકડો મુસાફરો આ મેટ્રો રેલ સેવાનો લાભ લે છે.ત્યારે તા.૯મીએ રૂટનું નિરીક્ષણ કરવાનું હોવાથી સવારે ૧૦:૪૦થી સાંજના ચાર વાગ્યા સુધી બંધ રહેશે અને ત્યાર બાદ રાબેતામુજબ મેટ્રો ટ્રેન ચાલુ થઇ જશે.

## સાંજના ચાર વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમથી સે-૧ અને જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધી મેટ્રો ટ્રેન શરૂ થઇ જશે

ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રો રેલની સેવા શરૂ થયા બાદ મુસાફરો આ મેટ્રો રેલનો ઉપયોગ વધુ કરતા થયા છે. મોટેરા તરફ કે ગિફ્ટસિટી-જીએનએલયુ તરફ પણ મેટ્રો રેલની સેવા ઉપલબ્ધ છે ત્યારે નોકરિયાત અને રોજના અપડાઉન કરતા મુસાફરોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે તેવી સ્થિતિમાં નિરીક્ષણ અને મેઈનટેનન્સની કામગીરી ખુબ જવાબદારીવાળી બની રહે છે. ત્યારેકમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી જીએમઆરએસ દ્વારા તારીખ ૯મી જાન્યુઆરીને ગુરુવારના રોજ, ફેઝ-૨ કોરિડોરના મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ અને જીએનએલયુથી ગિફ્ટસિટી મેટ્રો સ્ટેશન સુધીના નિરીક્ષણને ધ્યાનમાં રાખીને, મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્શન વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ સવારે ૧૦.૪૦ કલાકથી સાંજના ૪ વાગ્યા સુધી સ્થગિત રહેશે.

સેક્ટર-૧થી મોટેરા સ્ટેડિયમ માટેની છેલ્લી ટ્રેન ૯મી તારીખે

(અનુસંધાન ત્રીજા પાને)

અનુસંધાન પાના નં. ૦૩

### ગુરુવારે

(છેલ્લા પાનાનું ચાલુ)

સવારે ૧૦ કલાકે ઉપડશે અને જીએનએલયુથી ગિફ્ટ સિટી માટે સવારે ૯.૪૫ કલાકે ઉપડશે.સાંજના ૪ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ અને જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધી મેટ્રો ટ્રેન સેવાઓ હાલના સમયપત્રક મુજબ કાર્યરત રહેશે તેમ જીએમઆરખેરા દ્વારા જણાવવામાં આવ્યું છે.